તન્મે મનઃ શિવ સંકલ્પમસ્તુ ॥ "શુભ સંકલ્પમય, તે મન થાય મારુ"



# રુદ્રાભિષેક મંડળ ગાંધીનગર

**(સ્થાપના તા. ૩૦-૦૮-૧૯૭૦ વિક્રમ સંવત શ્રાવણ સુદ ૨૦૨૭)**

**આશ્વિન માસ**
**વિ સં. ૨૦૭૮**


વેબસાઇટ : www.rudrimandal.org ઈમેલ: rudrabhishekmandal381970@gmail.com

| | |
|---|---|
| **આચાર્ય : શ્રી કનૈયાલાલ એ. ત્રિવેદી** | **પ્રમુખ : પ્રા. રવીન્દ્રભાઈ જે. દવે** |
| **ઉપાચાર્ય : શ્રી કાનજીભાઈ ભોગાયતા** | **ઉપપ્રમુખ : શ્રી રમણીકભાઈ પી વ્યાસ** |
| **મહામંત્રી : શ્રી બાબુલાલ શર્મા** | **સહમંત્રી : શ્રી અરવિંદભાઈ બી. કનાડા** |

**સરનામું: બી ૪૦૪,સ્વાગત રેઇનફોરેસ્ટ - ૨ કુડાસણ ગાંધીનગર ૩૮૨૪૨૧ મોં : ૯૮૨૫૧૨૫૬૦૨**


**તા: ૦૩/૧૦/૨૦૨૨**

## અતિરૂદ્ર યાગ માટે સૂચનાઓ

**॥ શ્રી સદાશિવ પ્રસન્નોસ્તુ ॥**

**શ્રી અતિરૂદ્રયાગ તા. ૧૦/૧૦/૨૦૨૨ થી ૧૬/૧૦/૨૦૨૨ સુધી**

**સ્થળ ; પંચદેવ મંદિર ગાંધીનગર**

**યજમાનો અને રુદ્રાભિષેક મંડળના સભ્યો માટે સૂચનાઓ**

તારીખ ૯/૧૦/૨૦૨૨ રવિવારે આસો સુદ પૂનમના રોજ પંચદેવ મંદિર સેકટર 22 ગાંધીનગર બપોરે બે વાગ્યેથી પ્રાયશ્ચિત કરવામાં આવશે. સાથે આસન -2, નેપકીન -3, થાળી -3, ડીશ-2, પંચપાત્ર. લોટો - 1, તથા નવા કપડા પહેરીને આવવું. પ્રયાશ્ચિતમાં ભાઈઓએ સ્નાન કરવાનું થશે. તે પછી બીજા કપડાં પહેરવાના થશે. જેથી સાથે ટુવાલ અને બીજા કપડાં પીતાંબર ખેસ લેતા આવવું.

- તારીખ ૧૦/૧૦/૨૦૨૨ સોમવારે પ્રથમ દિવસે સવારે સાત વાગે યજ્ઞ સ્થળે આવવું. જેમાં પીતાંબર- ઝભ્ભો પહેરવાનો. બહેનોએ સાડી પહેરવી સાથે થાળી-4, વાડકી-4 ડીશ-2 નેપકીન-4, આસન-4, ત્રાંબાના લોટા-2, ગણેશજી, શિવજી તથા માતાજીની મૂર્તિ લાવવી. તપેલી, સ્ટેન્ડ સાથે ગળતી લાવવી.
- યજ્ઞશાળામાં મોબાઈલ સ્વીચ ઓફ રાખો અથવા વાઇબ્રન્ટ મોડમાં રાખો.
- બાથરૂમ જઈને હાથ પગ ધોવા પછીથી આચમન કરવું
- દેવોનુ ધ્યાન કરતાં, પૂજન, હવન, અભિષેક કે સ્તોત્ર પાઠ કરવો. હોમ કરતા યા અભિષેક કરતા સમયે ચાલુ આવર્તનમાંથી ઉઠવું નહીં. મોટેથી વાતો કરવી નહીં. કચરો ક્યાંય ફેંકવો નહીં. પાણીના ગ્લાસ, ચા ના કપ, નિયત સ્થળે મુકવા. ચાલુ પૂજનમાં હોમ સમયે યજ્ઞશાળામાં પાણી ન પીવું.
- પૂજાના વાસણો, આસન-નેપકીન પૂજન પૂર્ણ થઈ સાચવીને લઈ જવા. બીજા દિવસે એકદમ સાફ કરી ધોયેલા નેપકીન સાથે લાવવા.

- ચા, પાણી, ફલાહાર અને ભોજન માટે વરણ કરેલા બ્રાહ્મણો અને આમંત્રિતોને પ્રથમ જવા દેવા. ત્યારબાદ યજમાનો અને મંડળના સભ્યોએ જવું.
- પૂજામાં બેસનાર બહેનોએ સ્ત્રી (માસિક-ધર્મના) ચાર દિવસ પૂરા થયેલા હોવા જોઈએ.
- સ્ત્રીઓએ છૂટા કેશ ન રાખવા.
- ગ્રુપ દીઠ ડોલ- 1 ઘડો-1 લાવવો.
- યજ્ઞનો એક અર્થ છે સેવા- કોઈ પ્રકારની સેવા કરવી , યજ્ઞશાળા ને સાફ કરવી, પાણી આપવાની સેવા, દાન આપવાની સેવા, વડીલોની લેવા મુકવાની સેવા, યજ્ઞ કાષ્ઠ લાવવાની સેવા, બીજા ને માન આપવાની સેવા, જમણવાર માટે ધન આપવાની સેવા, વ્યવસ્થા સાચવવાની સેવા.
- આ માનવ જીવનનો સર્વશ્રેષ્ઠ યાગ છે. જેમાં ખાસ નિયમોનું પાલન કરવાનું હોય છે. જેમ કે વહેલા ઊઠવું, સ્નાન કરતા સમયે તીર્થોનું સ્મરણ કરવું, મહાદેવનું સ્મરણ કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું, ક્રોધ, લોભ, મદ, ઈર્ષા, દ્વેષ, કામ ભાવ, આ બધું છોડવું. જમીન ઉપર પથારીમાં સૂવું, પવિત્રતા જાળવવી, કોઈને દુઃખ લાગે તેવું ન બોલવું. આ બધા ભગવાનના સ્વરૂપો છે તેમ માનવું. પૂજા સમયે ખૂબ જ ધ્યાન આપવું.
- પૂજન અને હોમ સમયે તમામ હોતાઓએ મુખ શુધ્ધિ રાખવી. પાન, તમાકુ, માવો, કે અન્ય દ્રવ્યો મુખમાં ન રાખવા. આ અગ્નિ ભગવાનનું મુખ છે તેમ ધ્યાન કરતાં મૃગી મુદ્રાથી તલ- હવન કુંડમાં પડે તે ખાસ ધ્યાન રાખવું. આ સમયે મોબાઈલ બંધ રાખવા. હોતામાંથી એક વિપ્રે અગ્નિ પ્રજ્વલિત રહે તે હેતુથી કાષ્ઠ, ઘી સાથે રાખી જોઈતા પ્રમાણમાં કુંડમાં પધરાવવા કાષ્ઠ, હવન કુંડ પાસે રાખવાની વ્યવસ્થા કરવી. હવન સમયે ઝભ્ભો,ગંજી કાઢીને ખેસ ધારણ કરવો. નોંધાયેલ સભ્ય સિવાય માટે ભોજન પાસ લેવા, આવનાર મહેમાનોની આગળથી જાણ કરવી જેથી વ્યવસ્થા થઈ શકે. યજ્ઞ શાળાની પ્રદક્ષિણા કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે અને પાપનો નાશ થાય છે. મનમાં સદાશિવનું સ્મરણ કરતાં, જપ કરતાં પ્રદક્ષિણા કરવી.
- આ યજ્ઞ સ્થળ પવિત્ર મંદિર પરિસરમાં હોઈ, તમામ સભ્યોએ તેના નિયમોનું પાલન કરવું. આપણે જન્મથી જ મહાદેવના ઉપાસક હોઈ, આ યજ્ઞ દ્વારા હૃદયના ભાવોનું પ્રકટીકરણ થયેલું જોઈ સદાશિવ પ્રસન્ન થશે. આપણને રોગ અને દુઃખ મુક્ત કરશે. અંતરની ઇચ્છાઓ વ્યક્ત કરવા કોઈ પણ એકાદ - બે વસ્તુ લાવી શકાય.
- આ આપણા બધાનું કાર્ય છે તેમ નક્કી કરીને આ મહાયાગમાં બધાએ ભાગ લેવાનો છે. ભારતીય સંસ્કૃતિ **ન મમ** ની છે. **'ત્યાગીને ભોગથી જાણો'**- આ વાક્યોને સાર્થક કરવાના છે. આપણું રુદ્રાભિષેક મંડળ વિવિધ રીતે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. બહારના લોકો તેને બહુમાનની દ્રષ્ટિએ બિરદાવે છે. તેઓનું સાતત્ય જળવાઈ રહે અને અવેતન રુદ્રાભિષેકમંડળ, ગાંધીનગર ની વિશેષતાઓ જળવાઈ રહે તેવું ઉમદા કાર્ય કરીને સદાશિવને પ્રસન્ન કરવાના છે.

**॥ मा विद्विषा वहे ॥**